# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૦/ક્વા-૨/૧૯-૨૦/૭૨૨૮–૪** **તા.૦૧–૧૧–૧૯**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૦/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **ભોલેનાથ ઇન્ડસ્ટ્રીઝ** ગામ: ભાણખોખરી **તા.ખંભાલીઆ**
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે જયેશભાઈ માંડણભાઈ પીંડારિયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **આર.વિ.સોમાણી** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: ૨૨-૧૦-૨૦૧૯ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨-૧૦-૨૦૧૯ ( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ભોલેનાથ ઇન્ડસ્ટ્રીઝ ગામ** - ગામ: ભાણખોખરી **તા.ખંભાલીઆ, તેઓની અરજીના નોંધણી નં: ૪૦/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે,** અરજદાર ભાણખોખરી ગામ ના સર્વે નંબર: ૧૧૩/૧ મા ઓર્ધોગીક હેતુ નુ બિનખેતી જમીનમાં વીજજોડાણ મેળવવા માટે વડત્રા પેટા વિભાગીય કચેરી માં રજીસ્ટ્રેશન તા.૧૦–૦૪–૧૯ ના રોજ કરી દીધેલ છે. તેમછતા ભાવપત્રક અપાયેલ નથી. ગુજરાત ઉર્જા પેટ્રો વિભાગના ઠરાવ મુજબ– જીયુવી – ૨૦૧૬ – ૩૮૮૫ – ક–૧ તા.૨૪–૦૧–૧૭ ના પારા નં.–૪ મા દર્શાવ્યા મુજબ – ખેતીવાડી વિષયક અથવા અન્ય હેતુ માટે ની જમીનમાં ઓર્ધોગીક હેતુ નુ વીજજોડાણ આપવા માટે માળખાકીય સુવિધાને લગતો તમામ ખર્ચ – અરજદાર પાસેથી વસુલ કરવાની જોગવાઈ છે. જે બિનખેતી થયેલ જમીનમા નામદાર જીઈઆરસી ના નિયમ મુજબ – ફીકસ ચાર્જ મુજબ ભાવપત્રક આપવા અને નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૧૦/૨૦૦૫ મુજબ દિન–૧૦ મા ભાવપત્રક મળી જવુ જોઈએ – જે વિલંબ અંગેનુ વળતર નિયમાધીન આપવા – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે-**અરજદાર ભોલેનાથ ઇન્ડ. એ ભાણખોખરી ની હદમાં સર્વે નંબર (ઔધ્યોગીક હેતુ માટે બિનખેતી થયેલ છે) ૧૧૩પૈકી ૧ માં ઔધ્યોગીક હેતુ નું ૧૦૦ કી.વો. નું વીજજોડાણ માટે વડતરા સબ ડિવિજન માં રૂપિયા ૪૦૦/- રસીદ નંબર ૭૬૮૫૨૮ તારીખ૨૮.૧૨.૨૦૧૮ ના રોજ ભરપાઈ કરી અરજી કરેલ છે જેના એસ આર નંબર ૧૧૫૧૧૯૯૯ છે. જે અન્વયે તારીખ ૨૨.૦૧.૨૦૧૯ ના રોજ રૂ.૪૧૪૭૩૩/- ની રકમ નો ફિક્સ ચાર્જ આધારિત અંદાજપત્રક આપવામાં આવેલ જે અરજદારે ભરપાઈ કરેલ નહીં.**

૩.૧ **અરજદાર દ્વારા રૂ. ૪૦૦/- રસીદ નંબર ૫૫૮૯૫૮ તારીખ ૧૦.૦૪.૨૦૧૯ ના રોજ રજી. ચાર્જ ભરપાઈ કરેલ જેના એસ આર નંબર ૧૧૮૦૦૮૯૧ છે જે અન્વયે અંદાજપત્રક આપવામાં માટે મંજૂરી ની પ્રક્રિયા કરતાં વર્તુળ કચેરી જામનગર ની માર્ગદર્શિકા મુજબ અરજદાર ને ફિક્સ ચાર્જ આધારિત અંદાજપત્રક આપવામાં ને બદલે અરજદાર ને ગામતળ બહાર વીજ જોડાણ આપવાનું હોય પૂરેપૂરો માળખાકીય ખર્ચ અરજદાર પાસેથી વસૂલ કરવાનો થતો હોઈ તે મુજબ અંદાજપત્ર આપવું જેથી ફરીથી એસ આર નંબર ૧૨૨૩૩૩૦૭ જનરેટ કરેલ અને પત્ર નંબર જેકેડી/ટેક-૨ /ઇન્ડ/18-19/3258 તારીખ ૩૧.૦૭.૨૦૧૯ થી વર્તુળ કચેરી ને મંજૂરી માટે દરખાસ્ત રજૂ કરેલ. અરજદાર ને અંદાજ પત્રક ના મળતા તારીખ ૨૯.૦૭.૨૦૧૯ ના રોજ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.**

૩.૨ **અરજદાર ભોલેનાથ ઇન્ડ ની કેસ ફાઇલ વર્તુળ કચેરી ને પ્રિ-ઓડિટ માટે રજૂ કરતાં પરિપત્ર પીજીવીસીએલ/ટેક-૧/૧૧૯૬ તારીખ ૦૩.૦૨.૨૦૧૭ મુજબ પત્ર નંબર જેસીઓ/ટેક-૨/સી-૧૯-૨૦/૭૮૨૬ તારીખ ૨૧.૦૮.૨૦૧૯ થી મંજૂરી મળેલ છે. સદર મંજૂરી અન્વયે વડતરા કચેરી દ્વારા પત્ર નંબર વીએસડી/ટેક/૧૦૪૯૭ તારીખ ૧૧.૦૯.૨૦૧૯ ના રોજ રૂપિયા ૯૬૫૩૭૬/- નું અંદાજપત્રક અરજદાર ને આપેલ છે. જે અંદાજપત્રક અરજદાર દ્વારા તારીખ ૧૨.૦૯.૨૦૧૯ ના રોજ લેખિત વાંધા સાથે ભરપાઈ કરેલ છે. જે વીજ જોડાણ આપવાની કાર્યવાહી હાથ ઉપર છે. ઉપરોક્ત પરિપત્ર મુજબ પાઠવેલ અંદાજપત્રક કંપની ના ધારાધોરણ મુજબ બરાબર છે.**

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **અરજદાર ભોલેનાથ ઇન્ડ. એ ભાણખોખરી ની હદમાં સર્વે નંબર (ઓદ્યોગિક હેતુ માટે બિનખેતી થયેલ છે) ૧૧૩પૈકી ૧ માં હે.૦-૪૧-૪૮ આરેવાળી ખેતીની જે જમીન આવેલ છે તે પૈકી ઓદ્યોગિક હેતુ માટે હે. ૦-૪૦-૪૭ જમીનમાં ૧૦૦ કી.વો. નું વીજજોડાણ માટે વડત્રા સબડિવિજન માં રૂપિયા ૪૦૦/- રસીદ નંબર ૭૬૮૫૨૮ તારીખ ૨૮.૧૨.૨૦૧૮ ના રોજ ભરપાઈ કરી પ્રથમ વખત અરજી કરેલ છે જેના એસ આર નંબર ૧૧૫૧૧૯૯૯ છે. જે અન્વયે તારીખ ૨૨.૦૧.૨૦૧૯ ના રોજ રૂ.૪૧૪૭૩૩/- ની રકમ નો ફિક્સ ચાર્જ આધારિત અંદાજપત્રક આપવામાં આવેલ જે અરજદારે ભરપાઈ કરેલ નથી.**

૪.૨ અરજદાર દ્વારા બીજી વખત **ઓદ્યોગિક હેતુ માટે ઉપરોક્ત જગ્યામાં ૧૦૦ કી.વો. નું વીજજોડાણ માટે વડત્રા સબડિવિજન માં રૂપિયા ૪૦૦/- રસીદ નંબર ૫૫૮૯૫૮ તારીખ ૧૦.૦૪.૨૦૧૯ ના રોજ રજી. ચાર્જ ભરપાઈ કરેલ જે અરજી કરેલ જેના એસ આર નંબર ૧૧૮૦૦૮૯૧ છે. અંદાજપત્રક આપવામાં માટે મંજૂરી ની પ્રક્રિયા કરતાં વર્તુળ કચેરી જામનગર ની માર્ગદર્શિકા મુજબ અરજદાર ને ફિક્સ ચાર્જ આધારિત અંદાજપત્રક આપવામાં ને બદલે અરજદાર ને ગામતળ બહાર વીજ જોડાણ આપવાનું હોય પૂરેપૂરો માળખાકીય ખર્ચ અરજદાર પાસેથી વસૂલ કરવાનો થતો હોઈ સદર એસ. આર. નામંજુર કરેલ.**

૪.૩ **ઉપરોક્ત પેરા નં.૪.૨ મુજબ માળખાકીય ખર્ચ અરજદાર પાસેથી વસૂલ કરવાનો થતો હોઈ તે મુજબ ફરીથી ત્રીજી વખત એસ આર નંબર ૧૨૨૩૩૩૦૭ જનરેટ કરેલ જેની જરૂરી મંજુરી મુજબ અરજદારને ભાવપત્રક રૂ.૯૬૫૩૭૬/- તા. ૧૧.૦૮.૨૦૧૯ ના રોજ પાઠવવામાં આવેલ છે જેમાં ૦.૦૮ કિમી ૧૧ કે.વી અને ૧૧/૦.૪૩૩ કેવી ૨૦૦કેવીએ ટ્રાન્સફોર્મર નો મુખ્યત્વે ચાર્જ લીધેલ છે. જે સદર ભાવપત્રક ભરપાઈ કરવાની છેલ્લી તા. ૦૯.૧૦.૨૦૧૯ હતી. સદર ભાવપત્રક અરજદારે તા. ૧૧.૦૯.૨૦૧૯ ની લેખીત રજૂઆત મુજબ** ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ માં રજૂઆત કરેલ હોઈ **વાંધા સહીત તા.૧૨.૦૯.૨૦૧૯ ના રોજ ભરપાઈ કરેલ છે. જે અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વીજજોડાણ આપવાની કાર્યવાહી હાથ ઉપર છે.**

૪.૪ પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ ૨૭૧૯ તા.૩૦–૦૧–૧૭ માં જણાવેલ શરતો/નિયમો મુજબ " એવા સંજોગો કે જેમાં ખેતીવાડી વિસ્તાર વચ્ચે, કોઈ નાની વિસ્તાર કે છુટાછવાયો વિસ્તાર બિનખેતી થયેલ હોય તો પણ આવા વિસ્તારમાં ખેતીવાડી ફીડર પરથી જ ઉપર મુજબ વીજ જોડાણ આપવાના રહેશે". ત્યારબાદ જીયુવીએનએલ ના પત્ર નંબરઃ ૧૦૮૫ તા.૦૧.૦૯.૨૦૧૭ મુજબ બીનખેતી કરાવેલ જમીનમાં ધારા ધોરણ અનુસાર ફીકસચાર્જ વસૂલાત કરવાની નીતિ ચાલુ રહેશે. ઉપરોક્ત પેરા ન.૪.૨ માં જણાવ્યા મુજબ સામાવાળા દ્વારા અરજદારનું વીજ જોડાણ આપવા માટે સલામતીને ધ્યાને રાખીને ૦.૦૮ કિમિ HT AB CABLE નો ઉપયોગ કરીને દરખાસ્ત સક્ષમ અધિકારી દ્વારા મંજુર કરવામાં આવેલ છે. સદર બાબતે સામાવાળા દ્વારા ફરિયાદી અરજદારની રજુઆતના અનુસંધાને HT AB CABLE ની કોસ્ટ bare conductor ની કોસ્ટ કરતા ખુબજ વધારે હોઈ સામાવાળા દ્વારા GUVNL ને લખેલ ના પત્ર નં ૬૧૬૮ તા. ૨૨.૦૭.૧૯ મુજબ યોગ્ય જણાય છે. જેથી બીનખેતી કરાવેલ જમીનમાં ફીકસચાર્જ મુજબ – ભાવપત્રક આપવા અંગેની અરજદારની રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય નહિ. વધુમાં અરજદારની રજૂઆત અન્વયે ભાવપત્રક આપવામાં ઈરાદાપૂર્વક બેદરકારી દાખવેલ નથી જે ફક્ત વહીવટી પ્રક્રિયામાં વિલંબ થયેલ છે જેથી અરજદારની વળતર મળવા અંગેની રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય નહિ.

૪.૫ સદર કેઈસ માં ઉપરોક્ત પેરા નં.૪. ૪ મુજબ આદેશ આપવામાં આવે છે.

૪.૬ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯